# કોરોના વાયરસ ઈફેક્ટ વચ્ચે ક્રૂડ કિંમતમાં ૨૦ ટકા ઘટાડો

### ક્રૂડની કિંમત ઘટતા ભારતને અનેક ફાયદાઓ : ફ્યુઅલ ઉપર સબસિડી ઘટવાની આશા : આવક વધારવા માટે ડ્યુટીમાં વધારો કરાશે : વિશ્વના અર્થતંત્ર ઉપર અસર

નવીદિલ્હી, તા. ૮

ચીનમાં કોરોના વાયરસે જોરદાર આતંક મચાવી દીધા બાદ ભારે હાહાકાર મચેલો છે ત્યારે દુનિયાભરમાં ક્રૂડ ઓઈલ અને ગેસના બજાર ઉપર માઠી અસર થઈ રહી છે. તેલની કિંમતમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. એલએનજીની કિંમતમાં પણ રેકોર્ડ ઘટાડો થઈ ચુક્યો છે જેના પરિણામ સ્વરુપે તેલ અને ગેસ ઉત્પાદકો એકબાજુ કિંમતો ઘટાડવા માટે મજબૂર બન્યા છે ત્યારે બીજી બાજુ ભારતીય ગ્રાહકો માટે પણ આ ખુબ સારી તક દેખાઈ રહી છે. ક્રૂડની કિંમતો ઘટવાથી પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં ઘટાડો થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે તેમની પાસે અન્ય ખર્ચ માટે પણ વધારે રકમ રહી નથી. છેલ્લા એક મહિનાના ગાળામાં ક્રુડ ઓઈલ અને નેચરલ ગેસની કિંમતમાં સતત ઘટાડો થયો છે. ૭મી જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે ચીન સરકારે કોરોના વાયરસ ફેલાયો હોવાનો દાવો કર્યો હતો અને આની વિધિવત જાહેરાત કરી હતી. ત્યારથી લઈને હજુ સુધી ક્રૂડ ઓઈલ એટલે કે તેલની કિંમતોમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે અને ૨૦ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. હવે ક્રૂડ ૫૫ રૂપિયા પ્રતિબેરલની સપાટી ઉપર પહોંચી ચુક્યો છે. એટલે કે ૧૩ ડોલરનો ઘટાડો થયો છે. એલએનજીની વાત કરવામાં આવે તો એક મહિનામાં તે ૩ ડોલર પ્રતિ ઘટાડો દર્શાવે છે. ચીનમાં હાલત કફોડી બનેલી છે. ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની કિંમતો ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચી છે. ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થયા બાદથી ભારતને શ્રેણીબદ્ધ ફાયદા દેખાઈ રહ્યા છે. પેટ્રોલ અને ડીઝલ પર ખર્ચની રકમ ઓછી રહેશે. ગ્રાહકોને ફાયદો થશે. આનાથી લોકોના હાથમાં વધારે પૈસા પણ આવશે. ક્રૂડ ઓઈલની કિંમતો ઓછી રહેવાથી એકાઉન્ટ ડેફિસિટ, રૂપિયા અને મોંઘવારીના દર પણ સ્થિર રહેશે. ફ્યુઅલ પર મળનાર સબસિડી ઘટવાની આશા પણ દેખાઈ રહી છે. કોરોના વાયરસ ફેલાયા બાદથી એક મહિનાના ગાળામાં જ પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. બંનેની કિંમતમાં ત્રણ ત્રણ રૂપિયા સુધીનો ઘટાડો થયો છે. બીજી બાજુ ચીનના ગ્રોથ રેટના અંદાજમાં પણ ઉલ્લેખનીયરીતે ઘટાડો થયો છે.



ખરાખરીનો જંગ - શનિવારે દેશની રાજધાની દિલ્હી ખાતે યોજાયેલ મતદાનમાં ખરાખરીનો જંગ ખેલાયો હતો... સવારે નિરસ મતદાન બાદ સાંજે ૩ વાગ્યા બાદ મોટાભાગના વિસ્તારોમાં લાંબી લાઈનો લાગી હતી... કેટલાક સ્થાનો પર તો સાંજે પાંચ વાગે દોઢથી બે કિલોમીટરની લાઈનો દેખાતી હતી... મતદાનનો ટ્રેન્ડ જાણવા પત્રકારો અને રાજકીય પંડિતો દરેક બેઠકો પર ઘુમતા હતા... પરંતુ સામાન્ય મતદાન ચુપકીદી સેવી પોતાનો અભિપ્રાય આપવાનું ટાળતા હતા... ૬૭૨ ઉમેદવારોનું ભાવિ સાંજે ૬ વાગે ઈવીએમમાં સીલ થયું હતું... મંગળવારે મતગણતરી શરૂ થતાં પરિણામ સ્પષ્ટ થશે...



ઉનાળાનુ હજુ વિધિવત આગમન થયુ નથી પરંતુ ઉનાળાના ફળો દ્રાક્ષ અને તરબુચનુ આગમન બજારોમાં થઈ ગયુ છે. મીઠાં મધુરા તરબુચ અને ખટમીઠી દ્રાક્ષ બાળકો સહિત સૌને પ્રિય છે. તરબુચ અને દ્રાક્ષ જોઈ સૌ કોઈ લલચાય છે. હજુ ભાવ જો કે સહેજ ઉંચા છે. થોડાક દિવસોમાં ભાવ પણ નીચા જશે ત્યારે તેનો ઉપાડ વધશે.

# એક્ઝિટ પોલમાં 'આપ'નો દબદબો

### મોટાભાગના એક્ઝિટ પોલમાં એએપીને બહુમતિ : ભારતીય જનતા પાર્ટીની સ્થિતિમાં સુધાર પરંતુ બહુમતિના આંકડાથી ખુબ દૂર રહેશે : કોંગ્રેસની ફરી એકવખત દુર્દશા

નવીદિલ્હી, તા. ૮

દિલ્હી વિધાનસભાની ચૂંટણી માટે શાંતિપૂર્ણ મતદાન થયા બાદ આજે મોડી સાંજે એક્ઝિટ પોલના તારણ જારી કરવામાં આવ્યા હતા. મોટાભાગના એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટીને પ્રચંડ બહુમતિ દર્શાવવામાં આવી રહી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી ફરી એકવાર દિલ્હીમાં સરકાર બનાવવા જઈ રહી છે. મોટાભાગના એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટીને ૫૫થી પણ વધારે સીટો આપવામાં આવી રહી છે. બીજી બાજુ છેલ્લી ચૂંટણીની સરખામણીમાં ભાજપના દેખાવમાં ચોક્કસપણે સુધારો થઈ રહ્યો છે પરંતુ બહુમતિના આંકડાથી તે ખુબ જ દૂર છે. આ વખતે પણ ચૂંટણીમાં કોંગ્રેસની હાલત સૌથી ખરાબ થનાર છે. કોંગ્રેસ પાર્ટીને એક અથવા બે સીટો જ મળી શકે છે. ટાઈમ્સ નાઉના એક્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યું છે કે, એએપીને ૪૪થી વધુ સીટો મળી શકે છે જ્યારે ભાજપને ૨૬ સીટો મળી શકે છે. તેના પોલ મુજબ કોંગ્રેસનું ખાતુ ખોલાશે નહીં જ્યારે ઈન્ડિયા ટુડે એક્સિસ માય ઈન્ડિયાના એક્ઝિટ પોલમાં આમ આદમી પાર્ટીને છેલ્લી ચૂંટણી કરતા પણ વધારે સારી સીટો મળવાના અંદાજ દર્શાવવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીને દિલ્હીમાં ૭૦ પૈકી ૫૯થી ૬૮ સીટો મળી શકે છે. કોંગ્રેસ અને ભાજપનો સફાયો થઈ શકે છે. ૨૦૧૫ વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને ૬૭ સીટો મળી હતી. ન્યુઝ એક્સ નેતાના એક્ઝિટ પોલમાં પણ આમ આદમી પાર્ટીને ૭૦ પૈકી ૫૫ સીટો મળી શકે છે. ન્યુઝ એક્સના સર્વેમાં ભાજપને ૧૪ સીટો મળવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. કોંગ્રેસના ખાતામાં એક સીટ જઈ શકે છે.

**કઈ ચેનલનો શું એક્ઝિટ પોલ**

| ચેનલ | આપ | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|---|
| ટાઈમ્સ નાઉ | ૪૪ | ૨૬ | ૦૦ |
| ઈન્ડિયા ટુડે એક્સિસ | ૫૯-૬૮ | ૨-૧૧ | ૦૦ |
| ન્યુઝ એક્સ નેતા | ૫૫ | ૧૪ | ૦૧ |
| જન કી બાત | ૫૫ | ૧૫ | ૦૦ |
| ઈન્ડિયા ન્યુઝ નેશન | ૫૫ | ૧૪ | ૦૧ |
| સુદર્શન ન્યુઝ | ૪૨ | ૨૬ | ૦૨ |
| એબીપી-સીવોટર | ૫૬ | ૧૨ | ૦૨ |
| ઈન્ડિયા ટીવી | ૪૪ | ૨૬ | ૦૦ |
| ન્યુઝ એક્સ પોલ | ૫૬ | ૧૪ | ૦૦ |

એબીપી ન્યુઝ સી વોટરમાં પણ આમ આદમી પાર્ટીનો દબદબો દેખાઈ રહ્યો છે. મોટાભાગના એક્ઝિટ પોલમાં કેજરીવાલનું પ્રભુત્વ દેખાઈ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીએ તમામ તાકાત લગાવી હોવા છતાં તેની સ્થિતિ નબળી દેખાઈ રહી છે. આનો મતલબ એ થયો કે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણી ઢંઢેરાની સીધી અસર થઈ છે. દેશના મોટાભાગના રાજ્યોમાં સૌથી અમીર લોકોમાં ગણતરી દિલ્હીના લોકોની થઈ રહી હોવા છતાં મોટાભાગે મફતમાં ચીજવસ્તુઓ મેળવવાની દિલ્હીના લોકોની ઈચ્છા સ્પષ્ટપણે દેખાઈ રહી છે. એએપી દ્વારા પોતાના ઘોષણાપત્રમાં અનેક લોકલક્ષી વચનો યથાવતરીતે આપ્યા હતા જેમાં વિજળીનો સમાવેશ થાય છે.

# પંજાબમાં ધાર્મિક જુલુસમાં ફટાકડા વિસ્ફોટથી ચકચાર

### ફટાકડા વિસ્ફોટની ઘટનામાં ૧૪થી વધુના મોત : ઘાયલ થયેલ ૨૦થી વધુ લોકો પૈકી અનેકની હાલત ગંભીર



ચંદીગઢ, તા. ૮

પંજાબના તરનતારન જિલ્લામાં આજે ધાર્મિક જુલુસ દરમિયાન ફટાકડા વિસ્ફોટમાં ૧૪થી વધુ લોકોના મોત થઈ ગયા હતા જ્યારે આ બનાવમાં ૨૦થી વધુ લોકો ગંભીરરીતે ઘાયલ થયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. મૃતકોની સંખ્યામાં હજુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે, ઘાયલ થયેલા લોકોની સંખ્યા પૈકી મોટી સંખ્યામાં લોકો ગંભીરરીતે ઘાયલ થયેલા છે. પંજાબ પોલીસે આ ઘટનાને સમર્થન આપ્યું છે. પોલીસે કહ્યું છે કે, ધાર્મિક જુલુસ દરમિયાન આ ફટાકડા એક ટ્રેક્ટર ટ્રોલી પર લઈ જવામાં આવી રહ્યા હતા. પંજાબના આઈજીપી (બોર્ડર) એસપીએસ પરમારે કહ્યું હતું કે, ધડાકામાં એક વ્યક્તિનું મોત થઈ ગયું છે જ્યારે અન્ય કેટલાક લોકો ઘાયલ થયા છે. મળેલી માહિતી મુજબ મૃતકોની સંખ્યા વધીને ૧૪ થઈ ગઈ છે. એવી આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે કે, હજુ આ સંખ્યા વધુ વધી શકે છે. પરમારે એમ પણ કહ્યું છે કે, ધાર્મિક જુલુસ દરમિયાન લોકો ફટાકડા ફોડી રહ્યા હતા જેના પરિણામ સ્વરુપે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થતાં ફટાકડાનો જથ્થો પણ મોટા પ્રમાણમાં હતો.

## સૌથી વધુ વિલંબ...

● છેલ્લા પાનાનું ચાલુ

હિમાચલપ્રદેશે સ્થાન મેળવ્યું હતું. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ ૨૦૧૯ સેન્ટર ફોર સોશ્યલ જસ્ટિસ, કોમન કોઝ, કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનીશીએટીવ, ડીએકેએસએચ. ટીઆઈએસએસ-પ્રયાસ અને કાયદાકીય નીતિ માટે વિધિ સેન્ટર માટે જોડાણમાં ટાટા ટ્રસ્ટની આ અનોખી પહેલ છે. આ પ્રસંગે બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ એમ.એસ.શાહે જણાવ્યું હતું કે, આપણી સમગ્ર સીસ્ટમમાં હજુ ઘણા સુધારાને અવકાશ અને આવશ્યકતા છે. રિપોર્ટ દ્વારા અંતરને દૂર કરવામાં ચોક્કસપણ મદદ મળશે. માનવ સંશાધનની અછત-કર્મચારીઓની નિમણૂંકમાં વિલંબ આપણી ન્યાય પ્રણાલિમાં મોટી સમસ્યા છે. ન્યાયપ્રણાલિમાં પ્રવેશવા યુવા વકીલોને તાલીમ અને પ્રોત્સાહન પણ એટલું જ જરૂરી છે. પ્રો.એસ. શાંતાકુમાર, ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટના ચીફ એડિટર શ્રીમતી માયા દારૂવાલા, ટાટા ટ્રસ્ટના પોલિસી અને એડવોકેસી હેડ શ્રીમતી શીરીન વકીલ અને સોશ્યલ સેન્ટરના સહસ્થાપક ગગન શેઠીએ પણ પ્રાસંગિક પ્રવચન કરી ઉપયોગી માહિતી આપી હતી.





શહેરની શાળાઓમાં વાર્ષિકોત્સવની મોસમ ચાલી રહી છે. સે -૮ સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કુલ ખાતે સિનિયર અને જુનિયર કેજીના વિદ્યાર્થીઓ માટે શનિવારે વાર્ષિકોત્સવનુ આયોજન કરાયુ હતુ. આ અન્વયે બાળકો માટે શાળાના મેદાનમાં વિવિધ રમતો યોજવામાં આવ્યુ હતુ. નાના ભુલકાઓએ પણ ઉત્સાહભેર આ રમતોત્સવમાં ભાગ લીધો હતો. જ્યારે બીજી તસવીરમાં જુનિયર કેજીની વિદ્યાર્થિની જીનલબા ચુડાસમાનો બીજો નંબર આવ્યો હતો.

## અપોલો હોસ્પિટલ્સે ન્યૂરોલોજિકલ રોગોની સારવાર માટે ન્યૂરોસર્જરી સેન્ટર સ્થાપ્યું

વર્લ્ડ ઈકોનોમિક ફોરમે જણાવ્યું છે કે હેલ્થકેરની દ્રષ્ટિએ વર્તમાન દાયકો અતિ મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને બિનચેપી રોગો (એનસીડી)ના વધતા ભારણને ધ્યાનમાં રાખીને. ૧.૩ અબજની પ્રચંડ વસ્તી ધરાવતા ભારતમાં બિનચેપી રોગો (એનસીડી)નાં દર્દીઓમાં ઝડપથી વધારો જોવા મળી રહ્યો છે. એનસીડીમાં ન્યૂરોલોજિકલ રોગોનું પ્રમાણ મહત્ત્વપૂર્ણ છે. અપોલો હોસ્પિટલ ન્યૂરોલોજિકલ રોગોનું નિદાન-સારવાર કરવા શ્રેષ્ઠ સુવિધાઓ, અસરકારક ટેકનિકો પ્રદાન કરવા કટિબદ્ધ છે. દુનિયાભરમાં સેંકડો મિલિયન લોકો ન્યૂરોલોજિકલ સમસ્યાઓથી પીડિત છે. દુનિયામાં દર વર્ષે ૬ મિલિયન લોકો સ્ટ્રોકને કારણે મૃત્યુ પામે છે, ૫૦ મિલિયનથી વધારે લોકો એપિલેપ્સીને કારણે મૃત્યુ પામે છે. ન્યૂરોલોજિકલ રોગોનો સામનો કરવા નિદાન-સારવારની સુવિધાઓ પૂરી પાડવાના અભિયાનમાં અપોલો હોસ્પિટલ્સે ડૉ. પરેશ દોશીનાં નેતૃત્વમાં ગુજરાતનું પ્રથમ અદ્યતન ન્યૂરોસર્જરી સેન્ટર સ્થાપિત કર્યું છે. ન્યૂરોસર્જરીની સબસ્પેશિયાલ્ટી ફંક્શનલ ન્યૂરોસર્જરી સૌથી વધુ થતી હલનચલનની સમસ્યાઓ માટે કારણભૂત પાર્કિન્સન્સ ડિસીઝ, એપિલેપ્સી સર્જરી, હતાશા ઓબ્સેસ્સિવ કમ્પલ્સિવ ડિસઓર્ડર જેવા સાઈકિયાટ્રિક રોગો, અતિ દુઃખાવો-સ્પાસ્ટિસિટીની સારવાર કરે છે.

## મોરપીંછના રંગ

● ચોથા પાનાનું ચાલુ

વર્ષ ૨૦૦૧માં ૨૬ વર્ષની ઉંમરે આક્ષેત્રમાં પોતાની ઓળખ ઊભી કરવા માટે " માયા મૂવી ઈન્ટરનેશનલ " સ્ટૂડિયોનું નિર્માણ કર્યું. અને તમામ કાર્યો આ બેનર હેઠળ કરીને થોડા જ સમયમાં રૂપેરી પડદે માયા મૂવી નામની એક બ્રાન્ડ બનાવી દીધી.

ઈ.સ. ૧૯૯૬થી નિરંજનભાઈના સંઘર્ષનો હું સાક્ષી રહ્યો છું. માનવીય અભિગમ સંવેદનશીલ હોવાને કારણે અનેક મિત્રો એમની આ સંવેદનશીલતાનો ખોટો લાભ લઈને એમને છેતરી પણ ગયા છે. આમ છતાંય એવા મિત્રો સાથે સદભાવ રાખીને આ કલાકાર મિત્ર " પ્રેમ " જેવા પરમ તત્વને હદયના ઊંડાણમાંથી અનુભવે છે. તેઓનું માનવું છે કે મિત્રોનો પ્રેમ, વિશ્વાસ એ જ તો જીવનની સાચી મૂડી છે. હૂંફ છે, આવામાં બે ચાર મિત્રો છેતરી જાય તો છેતરાવામાં પણ મજા છે. સ્વાર્થ, દ્વેષ, વેરઝેર તો સૌ કોઈ કરે છે, રાખે છે પણ આજે આ યુગમાં પ્રેમ કરવાવાળા ખૂબ ઓછા લોકો છે. તેથી આપણે તો પ્રેમ આપવામાં ને પામવામાં માનીએ છીએ.

ઉપેન્દ્ર ત્રિવેદી, કિરણકુમાર, અવતારગીલ, તારક મહેતાના નટુકાકા, નરેશ કનોડિયા, ફિરોઝ ઈરાની, હિતુ કનોડિયા, હિતેનકુમાર, જીત ઉપેન્દ્ર, ચંદન રાઠોડ, વિક્રમ રાઠોડ બાલ કલાકાર આર્યન પ્રજાપતિ વગેરે અનેક જાણીતા અભિનેતાઓએ નિરંજન શર્માના દિગ્દર્શનમાં કામ કર્યુ છે. તો વળી પ્રાંજલ ભટ્ટ, મમતા સોની, ભક્તિ કુબાવત, રીના સોની, સોનિયા મહેતા, રીયા મહેતા, મોની થીબા જેવી અભિનેત્રીઓ પણ શ્રી નિરંજનભાઈના દિગ્દર્શનમાં કામ કરી ચૂકી છે. જ્યારે સુરેશ વોડકર, ઉદિત નારાયન જેવા મહાન ગાયકોએ એક ડોક્યુમેન્ટરી ફિલ્મમાં પોતાનો કંઠ એમને આપ્યો છે.

શ્રી નિરંજન શર્માને આ ક્ષેત્રમાં ઘણા પુરસ્કારો પણ મળી ચૂક્યા છે. ઉત્તરાખંડ ફિલ્મ ફેસ્ટિવલ, મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલ, ગુજરાત ગાંધીનગર શૉર્ટ ફિલ્મ ફેસ્ટિવલમાં તેઓ સન્માનિત થયા છે. બેસ્ટ ફિલ્મ ડિરેક્ટર, બેસ્ટ સ્ક્રીપ્ટ રાઈટર, બેસ્ટ ફિલ્મ ઉપરાંત બીજા અનેક એવૉર્ડ્સ, સન્માનો તેમને મળી ચૂક્યા છે. અનેક ફિલ્મી ફંકશનોમાં મુખ્ય મહેમાન તરીકે નિમંત્રિત થતા રહે છે. વર્ષ ૨૦૨૦માં એમની એક મોટા બજેટની ગુજરાતી અર્બન ફિલમ " મને લઈ જા " આવી રહી છે. જેના લેખક, દિગ્દર્શક નિરંજન શર્મા પોતે છે. શ્રી નિરંજન શર્માને દિગ્દર્શક તરીકે શ્રી સુભાષ ઘાઈ પ્રિય છે. તેઓ માને છે કે ગુજરાતી ફિલ્મોને રાષ્ટ્રીય પુરસ્કારો નથી મળતા તેથી આવા રાષ્ટ્રીય પુરસ્કારો મળે એવી ફિલ્મો બનાવવાની ઈચ્છા રાખનાર શ્રી નિરંજનભાઈ કહે છે કે " ગુજરાતી ફિલ્મો મલ્ટિપ્લેક્ષમાં ના ચાલે એ શરમજનક બાબત છે કેમ કે મોટાભાગના સરકારી સબ સીડી મેળવવા માટે જ ફિલ્મો બનાવે છે, પરંતુ હું ગુજરાતી ફિલ્મોનું ભાવિ બદલવા ઈચ્છું છું. "

આમ એક વૉલ પેઈન્ટિંગના કામથી આરંભ કરી મિમિક્રી આર્ટિસ્ટ તરીકે કામ કરીને આજે એક સફળ ફિલ્મ અભિનેતા, દિગ્દર્શક અને ફિલ્મ સ્ટૂડિયોના નિર્માણ સુધીની સફળતા મેળવનાર શ્રી નિરંજન શર્મા આપણા સૌના મિત્ર હોવાનું આપણને ગૌરવ છે અને રહેશે.

(સંપર્ક : શ્રી નિરંજન શર્મા, મોબાઈલ - ૯૪૨૬૫ ૧૧૫૮૮)

## ઠંડીનું જોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધતા દિવસ દરમિયાન થતો ગરમીનો અહેસાસના લીધે ડબલ સિઝનની અસર પણ વર્તાય છે. ગત સપ્તાહ દરમિયાન ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં રહ્યો હતો. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડી સતત ૧૦ ડીગ્રીથી ઉપર રહેતા નગરજનો ઠંડીમાં હળવી રાહત અનુભવી રહ્યા છે. જયારે ગત બે દિવસોમાં મહત્તમ તાપમાન પણ ઉંચુ જતા દિવસનો તાપ પણ આકરો બન્યો હતો. જયારે આજે ફરી લઘુત્તમ તાપમાન ઠંડી વધવા તરફ આગળ વધતુ જોવા મળ્યુ છે. ગઈકાલની સાપેક્ષમાં ૦.૨ ડીગ્રી લઘુત્તમ તાપમાન નીચુ ગયુ હતુ. જયારે મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી નીચુ ઉતર્યુ હતુ. જેના લીધે દિવસે પણ ગરમીની અસર વર્તાઈ ન હતી પરંતુ રાત્રિના સમયે અચાનક જ ઠંડીનો ચમકારો અસહ્ય બન્યો હતો નગરજનો પણ ઠંડીથી બચવા માટે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. છેલ્લા ઘણાં સમયથી એકધારી ઠંડી અને વાદળિયા વાતાવરણથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. જયારે વળતા શિયાળે પણ વિચિત્ર મોસમના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. જેના લીધે શહેરમાં શરદી , ઉધરસ અને ગળાના ઈન્ફેકશનના દર્દીઓ ઘરે ઘરે જોવા મળી રહ્યા છે. હજુ પણ ઠંડીનો રાઉન્ડ આવે તેવી સંભાવના છે. અલબત્ત ઠંડીનુ જોર વધશે તેમ મનાઈ રહ્યુ છે.

## મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખતે આ આંકડો અંદાજે ૨૧ ટકા હતો. જો કે આજે બપોરબાદ મતદાનની ટકાવારીમાં વધારો નોંધાયો હતો અને ૫ વાગ્યા સધી ૪૫ ટકા મતદાન નોંધાયું હતું.

દેશની રાજધાની દિલ્હીમાં આજે સવારથી જ રાજકિય પક્ષોના કાર્યકરો મતદાન મથકોની નજીક પહોંચી ગયા હતા અને મતદારોને મતદાન મથક અંગે માર્ગદર્શન આપી રહ્યાં હતાં. દિલ્હીમાં રહેતા ભાજપના સીનિયર નેતા એલ.કે અડવાણી અને તેમની દીકરી પ્રતિભા અડવાણીએ મતદાન કર્યુ હતું. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને સાંસદ રાહુલ ગાંધીએ મતદાન કર્યું હતું.. સોનિયા ગાંધીએ નિર્માણ ભવન બૂથમાં મતદાન કર્યું. જ્યારે પ્રિયંકા ગાંધીએ લોધી સ્ટેટમાં મતદાન કર્યા બાદ કહ્યું હતું કે, પોતાના અધિકારો સ્પષ્ટ કરો અને મતદાન કરો. તેમના પુત્ર રેહાને ૧૮ વર્ષ પૂરા થતાં આજે પ્રથમવાર મતદાન કર્યુ હતું.

દિલ્હીમાં સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪.૩૩ ટકા લોકોએ મતદાન કર્યું હતું. દિલ્હીમાં અલગ અલગ વિસ્તારોમાં બનેલા વોટિંગ બુથ પર જો કે લાંબી લાઈનો જોવા મળી હતી. મુખ્યમંત્રી કેજરીવાલે તેમના પરિવાર સાથે સિવિલ લાઈન્સના એક મતદાન કેન્દ્ર પર મતદાન કર્યુ. આ વખતે પણ સીએમ કેજરીવાલ નવી દિલ્હી વિધાનસભા સીટથી મેદાનમાં છે. તેમના વિરુદ્ધ બીજેપીના સુનીલ યાદવ અને કોંગ્રેસના રોમેશ સબ્બરવાલ ચૂંટણી લડી રહ્યા છે.

દિલ્હીના ચાંદની ચોક વિસ્તારમાંથી કોંગ્રેસ ઉમેદવાર અલકા લાંબાએ ટૈગોર ગાર્ડન એક્સટેન્શનમાં મતદાન કર્યુ. અલકા લાંબા છઁના પ્રહલાદ સિંહ સૈની અને બીજેપીની સુમન ગુપ્તા વિરુદ્ધ ચૂંટણી લડી છે. આ દરમિયાન અલકા લાંબા મજનૂંના ટીલા વિસ્તારમાં પોલિંગ બૂથની વ્યવસ્થા જોવા પહોંચ્યા હતા. ત્યારે ત્યાં હાજર આમ આદમી પાર્ટીના ઉમેદવારે તેમના વિશે કોઈ અભદ્ર ટીપ્પણી કરતા ગુસ્સે થયેલા અલકા લાંબાએ તે ઉમેદવારને થપ્પડ મારવાનો પ્રયત્ન કર્યો હતો. અલકા લાંબાએ ઉમેદવારને પોલીસમાં ફરિયાદ નોંધાવાની ધમકી પણ આપી હતી.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ આર ભાનુમતિ, કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધન, વિદેશ મંત્રી એસ જયશંકર અને દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલ, વિવાદી નિવેદન કરનાર બીજેપી નેતા પ્રવેશ શર્મા મુખ્યમંત્રી કેજરીવાલ વગેરેએ મતદાન કર્યુ હતું. કેજરીવાલને તેમની માતાએ તેમને તિલક કર્યું ત્યારબાદ સીએમ પરિવાર સાથે મતદાન કરવા નીકળ્યા હતા.